# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 17-11-2025 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## કચ્છમાં એકતા યાત્રા

ગુજરાત સરકાર દ્વારા સરદાર વલ્લભભાઇ પટેલની 150મી જન્મજયંતી નિમિત્તે આયોજિત રાષ્ટ્રવ્યાપી જ અભિયાન અંતર્ગત `યુનિટી માર્ચ' એકતા પદયાત્રાનું આયોજન કરાયું છે. જે અંતર્ગત આજે અબડાસા વિધાનસભા વિસ્તારમાં વિથોણથી નખત્રાણા સુધી એકતાયાત્રા યોજાઇ હતી. આવતીકાલે ભુજ વિધાનસભા વિસ્તારની એકતાયાત્રા સવારે 9 વાગ્યે એમ.એસ.વી. હાઇસ્કૂલ માધાપરથી જ્યુબિલી સર્કલ સુધી યોજાશે. 19ના ગાંધીધામ વિસ્તારની, 20ના માંડવી વિધાનસભા વિસ્તાર, 22ના રાપર વિધાનસભા વિસ્તારની એકતાયાત્રા યોજાશે. એકતાયાત્રા દરમિયાન વૃક્ષારોપણ, એનએસએસ કેમ્પ, રાષ્ટ્રીય નાયકોની પ્રતિમાઓનું સફાઇ અભિયાન, સ્વચ્છતા અભિયાન, એકતા શપથ, આરોગ્ય શિબિર, યોગ શિબિર, શાળા કક્ષાએ વિવિધ સ્પર્ધાઓ સહિતના કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

-------------------------------------------------------------------------------------

## ભુજમાં ગ્રંથપાલ સેમિનાર :

ભુજની આર. આર. લાલન કોલેજમાં વિજયરાજજી સાર્વજનિક પુસ્તકાલય, વિઆરટીઆઈ, માંડવી તથા લાલન કોલેજના સંયુક્ત ઉપક્રમે જિલ્લાના પુસ્તકાલયોના ગ્રંથપાલોના સેમિનારનું કચ્છમાં પ્રથમ વખત આયોજન કરાયૂં હતું. રાજ્યના ગ્રંથાલય વિભાગના નાયબ નિયામક અને મુખ્ય મહેમાન એલ.એન.મોઢે રાજ્ય સરકાર દ્વારા ગ્રંથાલયોના વિકાસ માટે હાથ ધરાતી યોજનાઓની માહિતી આપતા કહ્યું કે, રાજ્યના શ્રેષ્ઠ ગ્રંથાલયોને દર વર્ષે આપવામાં આવતો મોતીભાઈ અમીન એવોર્ડ ચાલુ વર્ષે વિકલાંગ ગ્રંથાલયોની શ્રેણીમાં માધાપરના અંધજન મંડળના પુસ્તકાલય, ગ્રામ્ય ગ્રંથાલયની શ્રેણીમાં બિદડાના ગ્રંથાલયને તથા તેના ગ્રંથપાલને આ

એવોર્ડ આપવાની જાહેરાત કરી હતી. આ પ્રસંગે વિવિધ લેખકો, સાહિત્યકારો અને પુસ્તકપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

## ધોરડોમાં સ્ટોલ ધારકોની અરજીનો ડ્રો :

ધોરડો રણોત્સવ દરમિયાન હસ્તકળા સાથે સંકળાયેલ તેમજ તે પ્રકારની વસ્તુઓનું પ્રદર્શન કમ વેચાણ થાય તે માટે ક્રાફ્ટ સ્ટોલ તથા ખાણી –પીણી માટે ફૂડ સ્ટોલ બજાર ટેન્ટસીટી પાસે ઊભી કરવામાં આવનાર છે. આ ક્રાફ્ટ સ્ટોલ તથા ફૂડ સ્ટોલ બજારમાં રસ ધરાવનારાઓએ અરજી કરી હતી  તેનો કમ્પ્યુટરાઇઝ ડ્રો 19 નવેમ્બરના સવારે સાડા દસ કલાકે ભુજ હાટ  ખાતે રાખવામાં આવ્યો છે તેમ સિનિયર જનરલ મેનેજર અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક દ્વારા જણાવાયું છે

---

## કોટડાના કારીગરને એવોર્ડ :

નખત્રાણા લુકાનાં કોટડા જડોદરના બાંધણી સિબોરી ડિઝાઈનના કારીગર ખત્રી યાકુમ જાફરને `સિબોરી કલા' માટે ગોલ્ડમેડલ મળ્યો છે.  ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી અમદાવાદની કારીગર ક્લિનિક તરફથી આ મેડલ અપાયો હતો. ખત્રી યાકુમભાઇના દાદા અને પિતા પણ કારીગર રહી ચૂક્યા છે. તેઓ ત્રીજી પેઢીના કારીગર છે.  તેમણે બાંધણીના દુપટ્ટા પર સિબોરીની કારીગરીના નવી ડિઝાઈનની સિબોરી કલાના કામણ પાથરતાં એવોર્ડ માટે પસંદ પામ્યા હતા. નખત્રાણા તાલુકા બાંધણીની સિબોરી કલા કારીગરીને 32 વર્ષ બાદ મોટો એવોર્ડ મળતાં ખત્રી સમાજમાં ખુશીની લહેર વ્યાપી છે. અગાઉ 1993માં નખત્રાણા તાલુકાના ભડલી ગામના બાંધણના કારીગર ફાતમાબાઈ અલીમામદ ખત્રીને રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો હતો

---

## આદિપુરમાં સિંધી કાર્યક્રમ:

રાષ્ટ્રીય  સિંધી ભાષા વિકાસ પરિષદના આર્થિક સહકારથી મુંબઈના માલ્હી કલ્ચરલ એકેડમી અને ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ સિંધોલોજીના ઉપક્રમે આદિપુર ખાતે બે દિવસીય સાંસ્કૃતિ અને સાહિત્યક કાર્યક્રમ યોજાયા હતા. સિંધોલોજીનાં પ્રાંગણમાં આયોજિત કવિ સંમેલનમાં વિવિધ કવીઓએ  સ્વરચિત કવિતા રજૂ કરી હતી. બીજા દિવસે સિંધી સંગીત તથા નાટક મંચ કાર્યક્રમ યોજાયો હતો.

---------------------------------------------------------------------------------------------------

## કચ્છમાં સૈનિક સ્કુલની માંગ:

કચ્છમાં સૈનિક સ્કૂલની તાત્કાલિક  સ્થાપના કરવા અંગે  ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રાજ્ય સરકાર અને સરકારના પ્રતિનિધિઓ સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. ચેમ્બર દ્વારા રાજ્યના ઉચ્ચશિક્ષણ અને ટેકનોલોજી વિભાગના રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગા તથા કચ્છ સાંસદ વિનોદભાઈ ચાવડા અને ધારાસભ્યો સમક્ષ રજૂઆત કરાઈ હતી.ચેમ્બર પ્રમુખ મહેશભાઈ પૂંજે જણાવ્યું હતું કે, વિસ્તારની દૃષ્ટિએ મોટો વિસ્તાર ધરાવતો  સરહદી કચ્છ જિલ્લો અત્યંત સંવેદનશીલ છે. અહીં આર્મી, એરફોર્સ અને નૌસેના સહિત ત્રણ પાંખના  યુનિટો કાર્યરત છે. આવી  વ્યૂહાત્મક પરીસ્થિતિ ધરાવતા પ્રદેશમાં યુવાનોમાં દેશભક્તિ, શિસ્તથ અને નેતૃત્વની રક્ષા અંગેની જાગૃતિ વધારવા માટે સૈનિક સ્કૂલની સ્થાપના અનિવાર્ય છે.

---------------------------------------------------------------------------------------------------

## માંડવીમાં મતદારયાદી સઘન સુધારણા :

મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ અન્વયે  માંડવી વિધાનસભા મતદાર વિભાગના ભાગ નંબર ૧૩૯ માં ધવલ નગર-૧ મધ્યે કોમ્યુનિટી હૉલમાં  ધવલ નગર ૧ - ૨ અને સંસ્કાર નગરના મતદારો માટે ખાસ બે દિવસીય કેમ્પ રાખવામાં આવ્યો હતો.. જેમાં ૭૦૪ મતદારો પૈકી ૩૫૦ મતદારોએ પોતાના ફૉર્મ રજૂ કર્યા હતા.

---------------------------------------------------------------------------------------------------

## હવામાન:

ઉત્તર ભારતમાં શીત લહેર ફરી વળી છે જેનો પ્રભાવ કચ્છ જિલ્લામાં અનુભવાઇ રહ્યો છે. અબડાસાના મુખ્ય મથક નલિયામાં આજે 10.8 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાતા રાજ્યનું બીજા નંબરનું ઠંડુ મથક બની રહ્યું હતું. ગત મોડી સાંજથી વાતાવરણમાં શીતળતા પ્રસરી ગઇ હતી. આજે વહેલી પરોઢથી ઠંડીએ પોતાનો અસલી મીજાજ દેખાડવાનું શરૂ કર્યું છે. જિલ્લા મથક ભુજમાં લઘુત્તમ તાપમાન 15.2 અને કંડલામાં 16.1 ડિગ્રી નોંધાયું છે. હવામાન વિભાગે નવેમબર માસના અંત ભાગે અને ડિસેમ્બર મહિનામાં કાતિલ ઠંડી પડશે તેવી આગાહી કરી છે. હાલે દિવસના ભાગે વાતાવરણ હુંફાળુ રહેતા મિશ્રઋતુની અનુભૂતી લોકો કરી રહ્યા છે.

---